**ઉચ્ચકવેતન/ફિક્સવેતનથી કરાર આધારિત નિમાયેલા વ્યક્તિઓને ટી.એ/ડી.એ. અંગે.**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક-મસભ-૧૦૨૦૧૩-ઓ.૧૫૯૫-ચ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૮-૦૯-૨૦૧૪

વંચાણે લીધો:

( ૧ ) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક – મસભ-૧૦૨૦૦૨-૧૧૮૦-ચ-તા.૧૯-૦૯-૨૦૦૨

નાણા વિભાગના તા.૧૯-૦૯-૨૦૦૨ ના પરિપત્ર થી ઉચ્ચક વેતન/ફિક્સ વેતનથી કરારીય ધોરણે અને/અથવા ફિક્સ પગાર ની નીતિ અન્વયે નિમણૂક પામેલ કર્મચારીઓ સરકારી કામકાજ અર્થે ફરજના ભાગરૂપે મુસાફરી કરે તો તેઓને હાલમાં દૈનિક ભથ્થા તરીકે મુખ્ય મથકની બહાર છ કલાકથી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછા રોકાણ માટે રૂ.૧૫/- અને બાર કલાકથી વધુ રોકાણ માટે રૂ.૩૦/- મળવાપાત્ર છે. આ બાબતમાં સંપૂર્ણ વિચારણાને અંતે હાલમાં મળતાં દૈનિક ભથ્થામાં વધારો કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ

સરકારી કામકાજ અર્થે ફરજના ભાગરૂપે મુખ્ય મથક બહારના પ્રવાસ માટે મુખ્ય મથકની બહારના મથકે છ કલાકથી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછા રોકાણ માટે રૂ.૫૦/- અને બાર કલાકથી વધુ રોકાણ માટે રૂ.૧૦૦/- દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે. મુસાફરી ખર્ચ માટે રાજ્ય એસ.ટી.નિગમની બસનુ ભાડુ અને જો રેલ્વે દ્વારા પ્રવાસ કરવામા આવ્યો હોય તો રેલ્વેના બીજા વર્ગનુ ટૂંકામાં ટૂંકા રૂટનુ રેલ્વે ભાડુ મળવાપાત્ર થશે.

આ ઠરાવ ગ્રાન્ટ -ઇન-એઇડ સંસ્થાઓ તેમજ બોર્ડ / નિગમોના કરારીય કર્મચારીઓને પણ લાગુ પડશે.

આ ઠરાવ તેની રવાનગી તારીખથી અમલમાં આવશે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( શૈલેષ.વિ.પરમાર )
ઉપસચિવ
નાણા વિભાગ

A.3.3
૬૬૦૨
23 SEP 2014
૨૨/૯/૧૪

22 SEP 2014

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ, નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,

માન.વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાધીનગર.

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,
- રજીસ્ટ્રાર ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો,

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧ ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ

એકાઉન્ટન્ટ જનરલ (A & E) ગુજરાત, પો.બો.નં. ૨૨૦, રાજકોટ-૩૬૦ ૦૦૧

એકાઉન્ટન્ટ જનરલ (A & E) ગુજરાત, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ) ગુજરાત, એનેક્ષી બિલ્ડીંગ,પો.બો.નં. ૨૭, રાજકોટ/અમદાવાદ

સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ

પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીઓ/પેટા તિજોરી અધિકારીઓ.

પગાર અને હિસાબી અધિકારી, નર્મદા યોજના ગાંધીનગર/વડોદરા.

સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ,

સ્થાનિક ભંડોળ હિસાબ, ડી.એ.ટી., ગાંધીનગર.

નિવાસી તપાસણી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.

તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.

સર્વે માન્ય મંડળો (પંચાયત સેવાના એસોસિએશનો સહિત)

નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.

**બિડાણઃ** ઉપસચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ મસભ–૧૧૨૦૧૩–ઓ.૧૫૬૫–ચ

તા:૧૮.૦૯.૨૦૧૪ નિર્ણય, ના.વિ.

**વિષયઃ** ઉચ્ચકવેતન / ફિકસવેતનથી કરાર આધારિત નિમાયેલા વ્યકિતઓને ટી.એ/ ડી.એ અંગે

---

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.૩/ટી.એ –ડી.એ/ ૧૦૭૩-૯૨૨/૨૦૧૪.** **તારીખઃ૨૪/૯/૨૦૧૪.**

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ** ઉપર મુજબ.

**<u>નકલ સવિનય રવાના</u> :–** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.